જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૨/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૫૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૩૦	૨	૧૧૨૩૨	૧૭૩૬૧	૨	૧૭૩૬૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૮	૧	૬૯	૨૭૫	૦	૨૭૫
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૮૩૭	૪	૨૮૮૪૧	૩૦૧૨૭	૧૩	૩૦૧૪૦
કુલ		૪૪૮૩૭	૭	૪૪૮૪૪	૫૩૯૮૮	૧૫	૫૪૦૦૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૨	૧૦,૫૦,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૫૪	૫,૫૪,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી“ કે ”ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી .સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી સોનલબેન ઉફે સોનાબેન મચ્છીવાળી વાÀઓ વિષ્ણુભાઇ મગનભાઇ જાતે ચુનારા ઉ.વ.૬૦ રહે.ચુનારાવાસ દશામાના મંદીરના સામે નારોલ ગામ અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક :પીસીબી/ડીટીએન/પાસા/૨૨૬/૨૦૨૧ તા.૦૬/૦૨/૨૦૨૧ થી મધ્યસ્થ લાજપોર સુરત જેલ તથા વિધ્યાબેન વા/ઓ અશોકભાઇ વિદુરભાઇ જાતે ચુનારા ઉ.વ.૫૬ રહે.ચુનારાવાસ બહુચરમાનો વાડો નારોલ ગામ અમદાવાદ શહેર પાસા અટકાયતી નો હુકમ ક્રમાંક :પીસીબી/ડીટીએન/પાસા/૨૨૭/૨૦૨૧ તા.૦૬/૦૨/૨૦૨૧ થી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે સદરી આરોપીની પાસા અટાકાયતીને બજવણી કરી આજરોજ યોગ્ય પોલીસ જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે . તા. ૦૬/૦૨/૨૦૨૨૧

સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ-:

પો .ઇન્સ .એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશન
પો.કો .દિપેનકુમાર મનુભાઇ બ.નં .૬૦૮૦
અ.પો.કો .રામનરેશ રામદાસ બ.નં .૫૩૪૪

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૫૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૪૮ લીટર દેશી દારૂ અને ૪૪ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૫૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૫૬/૨૦૨૧**

વાસણાઃ ભરતભાઇ સુરાજી પુરોહીત (રહે. રત્નરુચી વાટીકા પદ્માવતીનગર બાજુમા પી.ટી.કોલેજ રોડ પાલડી) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૨/૨૦૨૧ રાતના ૮/૩૦ થી તા.૦૬/૦૨/૨૦૨૧ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન વાસણા પી.ટી.કોલેજ રોડ રંગસાગર સામે હરણી એપાર્ટમેન્ટ ખાતે આવેલ પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, ચાંદીના સિક્કા અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧૪,૧૫,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એલ.મહેતા ચલાવે છે.

વેજલપુરઃ જાવેદભાઈ રફીકભાઈ શેખ (રહે. હુસેનીપાર્ક સોસાયટી વિભાગ-૦૨ બરફની ફેક્ટરી પાસે નુરે ઈલાહી સોસાયટી સામે જુહાપુરા) એ તા.૦૬/૦૨/૨૦૨૧ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૨/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૦૪/૦૨/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૯૫,૫૦૦/- અને રોકડ રૂપિયા ૧,૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૩૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એલ.ડી.ઓડેદરા ચલાવે છે.

કૃષ્ણનગરઃ અશ્વિનચંદ્ર સ/ઓ કાંતીલાલ પટેલ (રહે.મહિપત બંગ્લોઝ પાયલનગર બગીચાની બાજુમાં દેવી સિનેમા સામે) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૨/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૦૬/૦૨/૨૦૨૧ સવારના ૬/૪૫ વાગ્યા દરમ્યાન સફેદ રંગની ઇકો ગાડી લઇને આવેલ ત્રણ પુરૂષ વૃંદાવન રેસીડેન્સીની નીચે આવેલ નિસર્ગ કેમીસ્ટ નામની દુકાનનુ શટર ઉંચુ કરી દુકાનમાં પ્રવેશ કરી દુકાનના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૯૬,૫૦૦/- ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહિલ ચલાવે છે.

ચાંદખેડાઃ આશિષ સ/ઓ અનિલભાઈ અવદિત્ય (રહે. ટીવોલી ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર) એ તા.૦૬/૦૨/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૨/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની ફ્રેમ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૯૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

<u>ચોરી :-</u> **<u>સમાચાર યાદી નં.૨૫૭/૨૦૨૧</u>**

નિકોલઃ ભગીરથ હરિશકુમાર શર્મા (રહે. ગાયત્રીગ્રીન સોસાયટી વિઠ્ઠલપ્લાઝા પાછળ હંસપુરા ગામ નરોડા રીંગ રોડ) એ તા.૦૫/૦૨/૨૦૨૧ રાતના ૯/૧૫ વાગે નિકોલ એસ.પી.રીંગ રોડ ખેતલાઆપા ટી સ્ટોલ આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગની ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૬,૭૦,૦૦૦/- અને જરૂરી દસ્તાવેઝ હતા. આ અંગેની ફરીયાદ ભગીરથ શર્માએ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.સીસોદીયા ચલાવે છે.

વાડજઃ રાજુભાઇ રામજીભાઇ પરમાર (રહે. આંબેડકરનગર બરોડા બેન્ક ઓફ સ્ટાફ સોસાયટી સામે નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૨/૨૦૨૧ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે નવા વાડજ પુરપીડીતનગર આમ આદમી પાર્ટી સ્ટેડીયમ વોર્ડ કાર્યાલયની આગળ રાજુભાઈના ગળામાંથી સોનાનો દોરો પેડલ સાથે કિમત રૂપિયા ૪૧,૦૦૦/-, તથા ચાર સાહેદોના ચાર પર્સમાં રોકડ રૂપિયા ૧૩,૨૦૦/- તથા જરૂરી દસ્તાવેઝની ચોરી અજાણી વ્યક્તિએ કરી લીધી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ગોરધનસિહ રેવતસિહ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૫૮/૨૦૨૧</u>**

રામોલઃ પ્રધુમન છગનભાઈ કૈલા (ઉ.વ.૩૨) (રહે.જયનગર સોસાયટી મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૨/૨૦૨૧ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમેને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

કાગડાપીઠઃ નટવરભાઇ હિરાભાઇ પરમાર (ઉ.વ.૫૮) (રહે. ચોર્યાસીની ચાલી ગીતામંદિર રોડ) એ બિમારીથી કંટાળી તા.૦૬/૦૨/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રવિકાંત બચુભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી